ગાંધીનગર સમાચાર

તા. ૧૧-૭-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

# જેટલીનું કરકસરિયું બજેટ

'અચ્છે દિન આનેવાલે હૈ' ના મીઠામધ વચન સાથે પ્રજાનાં દિલ જીતી લેનાર નરેન્દ્ર મોદીની સરકારનું પહેલું બજેટ કેવું હશે, તે વિશે પ્રજાના તમામ વર્ગો ઘણી મોટી આશાઓ રાખીને બેઠા હતા. જો કે મોદીએ અને એમનાં નાણામંત્રી અરૂણ જેટલીએ હોદ્દો ધારણ કરતાંની સાથે જ પ્રજાને કેટલાક આકરા આંચકા આપી કડવી દવા પીવાની તૈયારી રાખવાનાં સંકેત તો આપી જ દીધા હતા. મોદી કે જેટલી જે ભાષામાં ચૂંટણી સભાઓ સંબોધતા હતા અને નાતાલના સાંતાક્લોઝની જેમ ગળચટી ગોળીઓ વહેંચતા ફરતા હતા તે ભાષા સત્તા પર આવ્યા પછી એકાએક વાસ્તવવાદી બની ગઇ હતી. મોંઘવારી માટે અને મોટીશાસનના પ્રારંભે પણ વધતા જતા ભાવો માટે દોષનો ટોપલો અગાઉની યુપીએ સરકાર પર ઢોળવાનું એમને ચાલું જ રાખ્યું હતું. અરૂણ જેટલીએ એમની બજેટ સ્પીચમાં પણ એ રટણ ચાલું રાખ્યું અને પોતે ઇચ્છે તો પણ પ્રજાની વધુ પડતી અપેક્ષાઓને તત્કાળ સંતોષી શકે એમ નહીં હોવાનો એકરાર કર્યો. પ્રજાનો એક વર્ગ આવકવેરાના સ્લેબમાં પાંચ લાખ સુધીનો વધારો થશે એવી આશા રાખી રહ્યો હતો. જેટલીએ એમાં મામૂલી વધારો કરી બે લાખને બદલે અઢી લાખનો સ્લેબ રાખ્યો છે. વરિષ્ટ નાગરિકો માટે આ સ્લેબ ત્રણ લાખ સુધી રહેશે. ૮૦ (સી) અન્વયે દોઢ લાખ સુધીની છૂટ જાહેર કરાઇ છે. નાણામંત્રી કહે છે કે પોતે આમ આદમી પર બોજ નાખ્યો નથી. લોકોના હાથમાં વધુ નાણાં આવે એવું કર્યું છે. આ બજેટથી અર્થતંત્ર મજબૂત થશે. લોકો બચત કરી શકશે. જીવન જરૂરિયાતની ચીજો સસ્તી કરાઇ છે. સાબુ, કોમ્પ્યુટર, ટીવી, સ્ટીલ, એક હજાર કિંમત સુધીનાં જોડા, બ્રાન્ડેડ કપડાં, સોલાર લાઇટ, મોબાઇલ, દવાઓ સસ્તી થશે. પાનમસાલાં, સિગારેટ-તમાકું મોંઘા થશે. વિદેશમાં શોપિંગ સસ્તું બનશે. બજેટમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટર પર ભાર મુકાયો છે. સૌર ઉર્જા માટે રૂા. ૫૦૦ કરોડ ફાળવાયા છે. સંરક્ષણ પાછળ મોટી રકમ ફાળવાઇ છે. ૮૫૦૦ કિ.મી. લાંબા રસ્તા બનાવા માટે ભારે રકમની વ્યવસ્થા કરાશે. ખેડૂતને એનાં ઉત્પાદનોનાં ભંડારણની સુવિધા મળશે. કૃષિ સિંચાઇ માટે એક હજાર કરોડ, પ્રધાનમંત્રી કૃષિ યોજના, સિંચાઇ યોજના, વનબંધુ યોજના, ટીચર્સ ટ્રેનિંગ યોજના, ગંગા જલમાર્ગ યોજના - 'નમામિ ગંગે' યોજના, જમ્મુમાં પશ્મીના યોજના, મદરસા સુધારણા યોજના, વારાણસીના વણકરો માટેની કલ્યાણ યોજના વગેરે અનેક યોજનાઓ રજૂ કરાઇ છે. ચોવીસ કલાક વીજળી આપવાની દરખાસ્ત કરાઇ છે. એફડીઆઇ - વિદેશી રોકાણને વધુ છૂટ અપાઇ છે, વીમા ક્ષેત્રે ૪૯ ટકા જેટલી વિદેશી રકમની છૂટ. સમગ્રપણે જોતાં એમ લાગે કે અહીં સામાજિક ક્ષેત્રે કોંગ્રેસના બજેટ કરતાં ઓછી રકમો ફાળવાઇ છે. એ સિવાય મહદંશે આ બજેટ ચિદંબરમ્‌ના બજેટની જ નકલ જેવું લાગે છે. આ બજેટમાં નાના ઉદ્યોગો, વેપારીઓ અને ખેડૂતોને અપાતી લોનની ચિંતા જરૂર કરાઇ છે. ૫ નવી આઇઆઇટી, ૫ નવી આઇઆઇએમ અને ૧૨ નવી મેડિકલ કોલેજોની દરખાસ્ત કરાઇ છે. ગંગા સફાઇના કાર્યક્રમ ઉપરાંત સોળ નવાં બંદરો, ૧૦૦ નવાં સ્માર્ટ સિટી, અદ્યતન એરપોર્ટ, સ્વચ્છ પીવાના પાણીની યોજના, મહિલા સુરક્ષા માટેની યોજના, બેટી બચાવો યોજના વગેરે જેવી બાબતો આકર્ષક લાગે છે. પરંતુ એકંદરે આ બજેટ કોઇ ક્રાંતિકારી કે દિશાસૂચક બજેટ નથી. નાણામંત્રીએ યુપીએની યોજના મનરેગાને ખેતી સાથે સાંકળી લીધી છે, સબસિડી ઘટાડવાની હિંમત સરકાર કરી શકી નથી, કારણ કે સામે વિધાનસભાની ચૂંટણીઓ ઊભી છે. મહદંશે અગાઉની સરકારનાં લક્ષ્યોને હાંસલ કરવાની જ નીતિ રાખવામાં આવી છે. ધીમી ગતિએ વિકાસદર ઊંચો આણવા અને ખાધ ઘટાડવા માટે શક્ય એટલી કસરત નાણામંત્રીએ જરૂર કરી છે પરંતુ લોકોની અપેક્ષા મુજબનું કોઇ ખાસ 'અચ્છે દિન' સૂચક બજેટ આ નથી જ. મંદીની અસર હેઠળ અને ઓછો વરસાદ પડવાની શક્યતા તથા ઇરાક યુદ્ધના ઓળા હેઠળ સરકારે ગ્રાઉન્ડ રિયાલિટી ધ્યાનમાં રાખી પોતાની બાંધી મૂઠી રાખીને કરકસિરયું બજેટ રજૂ કર્યું છે. એક રીતે આ બજેટ સુગરકોટેડ કડવી ટેબ્લેટ જેવું છે.

## વસંત કુંવરબા કન્યા વિદ્યાલયની છાત્રાઓએ ગાંધીનગરનું ગૌરવ વધાર્યું

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના સે-૨૮ ખાતે આવેલ વસંતકુંવરબા કન્યા



વિદ્યાલયના ધોરણ-૧૨-અમાં અભ્યાસ કરતી કુ. જયોતિ સિસોદીયાએ ફેડરશન દ્વારા જમ્મુ ખાતે આયોજિક કુસ્તી સ્પર્ધામાં સુવર્ણચંદ્રક મેળવ્યો છે. આ ઉપરાંત ધો-૧૨-અમાં જ અભ્યાસ કરતી કુ. ખુશ્બુ બારૈયાએ રાજય કક્ષાએ તૃતીય નંબર મેળવી કાંસ્ય ચંદ્રક પ્રાપ્ત કર્યો છે. બંને બાળાઓએ તેમના ઉત્કૃષ્ઠ પ્રદર્શન વડે શાળા સહિત સમગ્ર ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે તે માટે શાળા પરિવાર અને સંચાલક મંડળે તેમને અભિનંદન પાઠવ્યા છે.

## ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા 'આપણો કવિતા વારસો' કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા કાવ્ય રસિકો ગુજરાતી ભાષાની કાવ્ય સમૃદ્ધિનો આસ્વાદ લઈ શકે તેમજ નવી પેઢીની કાવ્ય રૂચિનું સંવર્ધન થઈ શકે તે હેતુથી આપણો કવિતા વારસો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સાહિત્ય પરિષદના રા.વિ. પાઠક સભાગૃહ ખાતે તા. ૧૨મી જુલાઈ શનિવારે સાંજે ૭ થી ૮.૩૦ વાગ્યા દરમિયાન યોજાશે.

એક અંતરાલ પછી યોજાઈ રહેલા આપણો કવિતા વારસો કાર્યક્રમમાં કવિ રાજેશ વ્યાસ 'મિસ્કીન' કાવ્ય પઠન કરશે. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે હરિકૃષ્ણ પાઠક ઉપસ્થિત રહેશે. કવિ પરિચય ઉષા ઉપાધ્યાય આપશે તેમજ કાર્યક્રમના અંતમાં આભારદર્શન પ્રફુલ્લ રાવલ કરશે.






ગુજરાત ગુરૂ બ્રાહ્મણ-સમાજ-આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષાઓના તાલીમ વર્ગનો પ્રારંભ કાર્યક્રમ ગાંધીનગરમાં સંત રોહિદાસજી મંદિર ખાતે યોજાયો હતો. સંસ્થાના અધ્યક્ષશ્રી ગૌતમભાઇ ગેડિયા, સનદી અધિકારીશ્રી આર.એમ. જાદવ, અધિક ઉદ્યોગ કમિશનરશ્રી એચ.ડી. શ્રીમાળી, સંસ્થાના મહામંત્રીશ્રી જયંતિભાઈ શ્રીમાળી અને ઉપપ્રમુખ શ્રી ભૂપેન્દ્રભાઈ શ્રીમાળી સહિતના અગ્રણીઓએ તાલીમવર્ગનો દીપ પ્રગટાવી પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ગુજરાતભરનાં યુવક-યુવતીઓ-વાલીઓ સમાજના હિત ચિંતકો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

## વિધાનસભા સચિવાલય પેન્શનર્સ સમાજના બાળકોનો દસમો ઈનામોત્સવ યોજવામાં આવશે

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત વિધાનસભા સચિવાલય પેન્શનર્સ સમાજ સભ્યોના બાળકોનો દસમો શૈક્ષણિક ઈનામોત્સવ આગામી તા. ૩ ઓગષ્ટના રોજ બ્રહ્માણી કૃપા મેમોરીયલ હોલ, સેકટર-૨૩ ખાતે યોજવામાં આવશે. ૫૦ વર્ષથી ૮૦ વર્ષના દંપતિઓનું વિશેષ સન્માન કરવામાં આવશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય પેન્શનર્સ સમાજના બાળકોનો ઈનામોત્સવ યોજાશે. બ્રહ્માણી કૃપા હોલ, સેકટર-૨૩ ખાતે તા. ૩ ઓગષ્ટના રોજ બપોરે ૩-૦૦ કલાકે યોજાશે. જેમાં બાળકો ઉપસ્થિત મહાનુભાવોને સાંસ્કૃતિક કાર્યક્રમોની ઝાંખી કરાવશે. કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક બાળકોએ પોતાની માર્કશીટની નકલ તા. ૨૦ જુલાઈ સુધી ઉપપ્રમુખ એમ.કે. પટેલને મોકલવી.

ઈનામોત્સવની સાથે સાથે સમાજના જે સભ્યોએ દાંપત્ય જીવનના ૫૦ વર્ષ, ૬૫, વર્ષ, ૭૫ વર્ષ તેમજ ૮૦ વર્ષ પૂર્ણ કર્યા હોય તેમનું વિશેષ સન્માન કરવામાં આવશે. આ વિશેની માહિતી તા. ૨૦ જુલાઈ સુધી પ્રમુખ-મંત્રીને સમયસર મોકલી આપવી. કાર્યક્રમમાં સ્વરૂતિ ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી છે. જે માટેના ટોકન પાસ ખજાનચી બી.ડી. સેઈલર પાસેથી તા. ૨૫ જુલાઈ સુધી મેળવી લેવા.

## વી-કેર ફાઉન્ડેશને યોગના પાઠ શીખવ્યા

ગાંધીનગર, તા.૧૦

વિ-કેર ફાઉન્ડેશન દ્વારા નેનપુરમાં આવેલ પ્રમુખ સ્વામી વિનય મંદિર ખાતે યોગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને તણાવ મુકત કરતા વિવિધ યોગાસનો બતાવવામાં આવ્યા હતા.

વિ-કેર ફાઉન્ડેશનના જે.સી. પટેલ દ્વારા મહેમદાવાદ તાલુકામાં આવેલ નેનપુર ખાતે પ્રમુખ સ્વામી વિનય મંદિરના વિદ્યાર્થીઓને યોગનું મહત્વ અને યોગાસનના પાઠ ભણાવવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને યોગથી હકારાત્મક વિચારો લાવી શકાય છે. યોગ દ્વારા શરીરને તંદુરસ્ત રાખી શકાય છે તેવા વિવિધ યોગાસનો વિશે માહિતી આપવામાં આવી હતી.

# પ્રાથમિક શાળાઓના બાળક હજુય પાઠ્યપુસ્તકથી વંચિત

## સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ-૩ - ૫ના પાઠ્યપુસ્તકો હજુ વિદ્યાર્થીઓને મળ્યા નહી હોવાના દાવા થઈ રહ્યા છે

અમદાવાદ, તા.૧૦

રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક સત્ર શરૂ થયે આજે એક મહિના પૂર્ણ થઈ ચુક્યો છે. તેમ છતાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૩ થી ૫ના પાઠ્યપુસ્તક હજી વિદ્યાર્થીઓને મળ્યા ન હોવાના દાવા થઈ રહ્યા છે. પાઠ્યપુસ્તકો દુકાનોમાં જોઈએ તેટલા ઉપલબ્ધ છે પરંતુ સરકાર દ્વારા ગરીબ બાળકોને મફતમાં અપાતા પુસ્તકો હજી ઉપલબ્ધ ન બનતા અંતે ના છુટકે ગરીબ બાળકોએ પાઠ્યપુસ્તકો બજારમાંથી વેચાતા લેવાની ફરજ પડી રહી છે.

રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયે એક મહિનાનો સમય વીતી ચુક્યો છે. છતાં હજુ સુધી ધોરણ-૩ થી ૫ના વિદ્યાર્થીઓને એક પણ પાઠ ભણાવી શકાયો નથી કારણ કે બાળકોને પાઠ્યપુસ્તકો જ આપવામાં આવ્યા નથી. આ અંગે શાળાના શિક્ષકોએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા સરકારી શાળાઓના બાળકોને શૈક્ષણિક સત્ર શરૂ થતાની સાથે મફત પાઠ્યપુસ્તકો આપવામાં આવે છે. પરંતુ ચાલુ વર્ષે હજુ સુધી રાજ્યની મોટાભાગની શાળાઓમાં ધોરણ-૩ થી ૫ના પાઠ્યપુસ્તકો આવ્યા નથી. જેથી બાળકોને ભણાવવાનું પણ શરૂ થઈ શક્યું નથી. બીજી બાજુ બજારમાં જોઈએ તેટલા પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ છે. જો કે તે વહેંચાતા લેવાનું કહીએ તો ગરીબ બાળકોને એ ખર્ચ પરવડે તેમ નથી. જેના કારણે પાઠ્યપુસ્તકોના અભાવના કારણે સરકારી પ્રાથમિક શાળાના બાળકોનું શિક્ષણ કાર્ય બગડી રહ્યું છે. જેથી રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગે તાત્કાલીક શાળાઓમાં પાઠ્યપુસ્તકો પહોંચાડવા જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે. ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારના પાઠ્યપુસ્તક મંડળ દ્વારા દર વર્ષે પુસ્તકોનું વિતરણ કરનાર એજન્સી બદલવાના કારણે ગરીબ વિદ્યાર્થીઓને સરકારી પાઠ્યપુસ્તક મળવામાં વિલંબ થઈ રહ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

## હરિની દૃષ્ટિ...




**તે કહ્યું તેમ બજેટનો અભ્યાસ કરી લીધો, આપણને માચીસ, દાઢીની બ્લેડ, પગલુછણીયું, બટ, બુટની દોરી, દીવા કરવાની વાટ, સીલાઈ મશીનમાં પુરવાનું ઓઇલ અને નળના વાઇસર ખરીદવામાં ઘણો ફાયદો થવાનો છે.**

## સુરેન્દ્રનગર જિલ્લા મિત્રમંડળ પરિચય પુસ્તિકા અને વિદ્યાર્થીઓને સન્માનશે

સુરેન્દ્રનગર જિલ્લા મિત્ર મંડળ, ગાંધીનગર આગામી સમયમાં જિલ્લાના હમવતનીઓની યાદી સહિત પરિચય પુસ્તિકા બનાવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વર્ષ ૧૩-૧૪ના વર્ષમાં કે. જી. થી ધોરણ-૧૨ માં ૭૦ ટકા અને સ્નાતક કક્ષાએ ૬૦ ટકા માર્ક મેળવ્યા હોય તેવા સભ્યો અને વિદ્યાર્થીઓએ ૩૦ જુલાઈ સુધી પ્રતિનિધિઓ પાસે પ્રમાણપત્રોની નકલો મોકલવાની રહેશે અને જિલ્લાના મિત્રોએ નામ, સરનામુ મોબાઈલ નંબર સાથે માહિતી તખતસિંહ પરમાર-૯૩૨૮૭ ૨૧૪૩૯, ભરત કવિ-૯૪૨૬૪ ૧૫૭૨૭, જી. કે. ત્રિવેદી-૯૪૨૮૫૦૨૫૬૧, રમેશભાઈ સતાપરા - ૭૬૦૦૦ ૫૬૯૨૦, દગદીશ દવે - ૯૪૨૬૩ ૦૫૪૭૮, ભૂપેન્દ્ર ગજ્જર - ૯૪૨૯૬ ૦૨૫૪૯, દિપકભાઈ દવે - ૯૭૨૪૩ ૨૫૩૫૨, આર.એલ. સાવડિયા - ૯૯૨૪૨ ૫૭૩૪૮, મહેન્દ્રભાઈ રાઠોડ - ૯૮૯૮૦ ૬૭૮૧૩, કિશોરભાઈ રાવલ-૯૪૨૭૬ ૨૨૦૦૮ પર સંપર્ક કરવા જણાવ્યું છે.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

## વર્તમાન પ્રવાહો

૧. વર્ષ ૨૦૧૪ જાહેર થયેલા વિશ્વના સૌથી લાંબા રેલવે પ્લેટફોર્મ ગોરખપુરની લંબાઇ કેટલા મીટર છે?
→ **૧૩૫૫.૪૦ મીટર (પહેલા ખડકપુર ૧૦૭૨.૫)**
૨. વર્ષ ૨૦૧૪ મુંબઇ ખાતે નવું ટર્મિલનનું ટૂકું નામ કયું છે
→ **T-2**
૩. મુંબઇ એરપોર્ટનું નવું ટર્મિનલ ટી-૨ કેટલા ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે?
→ **૪.૩૯ લાખ ચો.મી.**
૪. એરપોર્ટ ટર્મિનલ ટી-૩ કયા શહેરમાં નિર્માણ પામશે?
→ **દિલ્હી**
૫. વર્ષ ૨૦૧૪માં મહારાષ્ટ્ર સરકાર લોહી અછત પૂરી કરવા કઇ યોજના શરૂ કરી છે?
→ **જીવન અમૃત સેવા**
૬. વર્ષ ૨૦૧૪માં મહારાષ્ટ્ર સરકારે શરૂ કરેલી જીવન અમૃત સેવા બીજા કયા નામે ઓળખાય છે?
→ **બ્લડ ઓન-કોલ સેવા**
૭. વર્ષ ૨૦૧૪માં સ્ટેટ બેંક દ્વનારા પ્રિ-પ્રેઇડ કાર્ડની સેવા કયાબે રાજય શરૂ કરાઇ છે?
→ **મધ્યપ્રદેશ અને છત્તીસગઢ**
૮. ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા 'નેત્ર' નામની સેવાનો પ્રારંભ કરવામાં આવશે?
→ **ગૃહમંત્રાલય**
૯. વર્ષ ૨૦૧૪માં અમૂલ દ્વારા શરૂ કરાયેલા દેશના સૌપ્રથમ દૂધ એટીએમનો પ્રારંભ કયા શહેરમાંથી કરવામાં આવ્યો છે?
→ **આણંદ, ૩૦૦ મીલી, ૧૫૦ પાઉચ**
૧૦. વર્ષ ૨૦૧૪માં મહિલા સુરક્ષા માટે કઇ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે?
→ **૧૮૧ અભયમ્**
૧૧. વર્ષ ૨૦૧૪માં નેશનલ એજ્યુકેશન સમિતિ કયાં યોજાઇ હતી?
→ **ગાંધીનગર પ્રારંભ - નરેન્દ્ર મોદી**
૧૨. વર્ષ ૨૦૧૪માં કયાં જૈન ધર્મના અગ્રણી ગુજરાતીનું નિધન થયું છે?
→ **દીપચંદ ગાડી**
૧૩. વર્ષ ૨૦૧૪માં ઉર્દૂ સાહિત્યના કવિ વિવેચકનું નિંધન થયું હતું?
→ **વારિસ અલી**
૧૪. વર્ષ ૨૦૧૪માં કયા ગુજરાતી સામાજિક મહિલા કાર્યકરનું નિધન થયું હતું?
→ **ઇલાબેન પાઠક**
૧૫. વર્ષ ૨૦૧૪માં ગુજરાતના કયા જાણીતા ફોટોગ્રાફરનું નિધન થયું હતું?
→ **પ્રાણલાલ પટેલ**
૧૬. વર્ષ ૨૦૧૪માં કઇ ભારતીય પીઢ અભિનેત્રીનું નિધન થયું હતું?
→ **સુચિત્રા સેન**
૧૭. વર્ષ ૨૦૧૪માં બોમ્બે ચેમ્બસ ઓફ કોમર્સના નવા પ્રમુખ પદે સૌપ્રથમ વખત કઇ મહિલાની પસંદગી કરવામાં આવી છે?
→ **નીરા રાગી**
૧૮. ભારતીય સ્ટેટ બેંકના મુખ્ય મહાપ્રબંધક તરીકે કોની વરણી કરવામાં આવી છે?
→ **એ.એન. અચ્યપ્પા**
૧૯. વર્ષ ૨૦૧૪માં કેન્દ્ર સરકારે કેટલામાં પગારપંચને મંજૂરી આપી?
→ **સાતમા**
૨૦. વર્ષ ૨૦૧૪માં કેન્દ્ર સરકાર દ્વારા રચવામાં આવેલા સાતમા પગારપંચના અધ્યક્ષ તરીકે કોની વરણી કરવામાં આવી છે?
→ **અશોકકુમાર માથુર**

# કોયલના ટહુકાનુભૂતિથી ઇશ્વરાનુભૂતિ વાયા આનંદાનુભૂતિ

### અદબ-પલાંઠી મોં પર આંગળી

ડૉ. સંતોષ દેવકર

સ્વ. ધીરૂભાઇ ઠાકરે મોડાસામાં વાવેલા શિક્ષણના બીજ આજે વટવૃક્ષ બની ગયા છે. મ.લા.ગાંધી ઉ. કેળવણી મંડળનાં સુંદર કોલેજ કેમ્પસમાં રહેવાની અને નોકરી કરવાની પ્રભુ કૃપાએ તક મળી. આંબા, સીતાફળ, બદામ, જાંબુ, આસોપાલવ, લીમડો વગેરે વૃક્ષોએ કેમ્પસમાં અડ્ડો જમાવ્યો છે. આંબા પર આવેલી કાંચી કેરીઓને કોલેજના વિદ્યાર્થીઓએ કંચુબર બનાવીને ખાઇ લીધું છે. હવે કોયલ અને તેના સાથી મિત્રોએ આંબા પર આસન જમાવ્યું છે.

હમણાં હમણાંથી રોજ વહેલી સવારે ઊઠીને ઘર બહાર ઓટલે બેસવાનું મન થાય છે. ઓટલા પર આંગણામાં આંબા પર કોયલનો મીઠો ટહુકો સાંભળવાની એક આદત પડી ગઇ છે. કોયલનો ટહુકો મીઠો નથી અત્યંત મીઠો હોય છે. બરાબર સવારે સાડા પાંચથી છ ના ગાળામાં એ જાણે આંબાના ડાળેથી મને બોલાવતી હોય એવું લાગે છે. મને પણ કોયલના ટહુકા બહુ ગમે છે. એના ટહુકાનો હું આદિ બની ગયો છું. મારી પત્નીને હળવાશ થઇ છે. કારણ ઉઠતાવેંત ચાની માંગણી કરનાર, હમણાં હમણાંથી કોયલના ટહુકાના વ્યસની બન્યા છે. ટહુકો હૃદયની પાર પહોંચે છે. દિલમાં એક ટાઢકનો અહેસાસ કરાવે છે. એવું લાગે છે કે કેટલા વર્ષો પછી કોયલના ટહુકાને ધ્યાનથી સાંભળ્યો? ખરા અર્થમાં ગ્રહણ કર્યો?

કોયલના આ ટહુકાથી મન અત્યંત પ્રસન્ન થાય છે. આનંદની અદ્‌ભૂત અનુભૂતિ થાય છે. એમ કરીને કોયલે મારી પર મોટો ઉપકાર કર્યો છે.

છેવટે માણસની આ દોડ છે શા માટે? પૈસા માટે? બંગલા માટે? ગાડી માટે? જમીન માટે? હોદ્દા માટે? કે કોયલના ટહુકા માટે? માણસ એટલું તો દોડે છે કે તે શાના માટે દોડે છે તે જ ભૂલી જાય છે. થાકી જાય છે. સમય જતાં તેનો માર્ગ ફંટાઇ જાય છે. જયારે સાચી વાત સમજાય છે ત્યારે સમય નીકળી ગયો હોય છે.

આનંદાનુભૂતિની પ્રાપ્તિ એ જ સાચો માર્ગ છે. પ્રસન્ન ચિત્તે એ જ આપણી દોડનો ઓખરી મુકામ બની શકે. પ્રસન્ન રહેવું એ ઇશ્વરની નજીક રહ્યાનો અહેસાસ કરાવે છે. પ્રસન્ન હોવું એટલે નસીબદાર હોવું. પ્રસન્ન હોવું એટલે 'માણસ' હોવું. પ્રસન્ન હોવું એટલે સરળ હોવું. પ્રસન્ન હોવું એટલે ઇશ્વરની સમીપ હોવું.

પ્રસન્ન ચિત્ત થયા પછી બધી વસ્તુઓ, આ પહેલા અગત્યની હતી, તે તુચ્છ કેમ લાગવા માંડે છે? કોયલનાં ટહુકાની તોલે કેટલા રૂપિયા મૂકી શકાય? ટહુકાથી પ્રાપ્ત થયો આનંદ કેટલા એકર જમીન આપી શકે? પંખીઓનો કલરવ સાચે જ ઇશ્વરાનુભીતિ તરફ દોરી જાય છે.

હવે વહેલી સવારે છાપામાં બહુ સરસ રસ પડતો નથી, ચાની ચૂસ્કી ફીકી લાગે છે. ફોન પર થતી વાતચીતમાં રસ પડતો નથી. સવારમાં કોયલનાં મસ્ત મજાના ટહુકા સાંભળવાનું વ્યસન થઇ ગયુ છે. પ્રસન્ન ચિત્તથી વ્યક્તિત્વમાં નીખાર આવે છે, વ્યક્તિત્વ ઉઘડે છે, ખીલે છે અને ખુલે છે. ધ્યેયને દિશા મળે છે. દિશા વગરના વહાણની કોઇ મંઝીલ નથી હોતી. દિશા મળે તો દશા દૂર થાય. દશા દૂર કરવા વ્રત કરવું પડે? પનોતિ દૂર કરવા તપ કરવું પડે? પૂજાપાઠથી આપત્તિ દૂર થાય? શ્રદ્ધાનો પ્રશ્ન હોય તો મારી શ્રદ્ધા કોયલનાં ટહુકામાં છે. મારે મન કોયલનો ટહુકો સાંભળવો એટલે ઉપનિષદની ઋચા સાંભળવા બરાબર છે. કોયલનો ટહુકો ભક્તિથી તરબોળ કરી દે છે. કોઇ કુદરતી સંકેત તેમાંથી મળે છે. કોયલનો ટહુકો આનંદ આપે, દિવ્યાનુભૂતિ કરાવે છે. જીવનની ફલશ્રુતિ નિજાનંદમાં સમાયેલી છે.

પ્રસન્ન ચિત્ત હૃદયથી કોઇ કાર્ય કરવામાં કંટાળો આવતો નથી. એક અલૌકિક તાજગી અનુભવાય છે. ગામડામાં રહેતા માંનવીની સુખની વ્યાખ્યા, શહેરમાં રહેતા માનવીની વ્યાખ્યા કરતા નિરાળી કેમ છે? કુદરતનું સાંનિધ્ય હંમેશા આનંદાયી નીવડે છે. શહેરમાં જયાં કૂતરાને પણ ડાબે-જમણે પૂંછડી પટ-પટાવવાનો અધિકાર નથી ત્યાં ગામડું પોતાની મસ્તીમાં વસતા અને ભસતાં પ્રાણીઓ ખીલી ઉઠે છે.

કોયલના ટહુકાનુભૂતિથી લઇને ઇશ્વરનાભૂતિ સુધીની યાત્રા આનંદાનૂભૂતિનઓ અહેસાસ કરાવે છે. અહિં ઓશો યાદ આવ્યા વગર રહે ખરો? સુખની અનુભીતિ બહારથી ક્યારેક નહિ થાય. આનંદ મેળવવા બહારના બધાં ફાંફાં ભારે પડશે, નિષ્ફળ જશે. પ્રસન્નતા આપણી અંદર રહેલી છે. સોય જયાં ખોવાઇ હોય તે જગ્યાએ શોધવી પડે. અજવાળું ભલે હોય પણ સોય જો અંધારામાં ખોવાઇ હશે, તો અંધારી જગ્યાને અજવાળ્યા પછી સોય શોધવાની રહે છે. સોય તો જયાં ખોવાઇ છે ત્યાંથી જ જડશે એ નક્કી છે. માત્ર અજવાળાથી આકર્ષાઇને સોયની શોધ અજવાળામા કરવી નરી મૂર્ખતા છે.

આનંદ મનુષ્યના ચિત્તમાં છે. અંદરથી જ મેળવી શકાય છે. આનંદાનૂભૂતિનો પરિચય પોતાના હૃદયમાંથી જ થઇ શકે.

કોયલના આ પ્રસન્ન ટહુકાવાદની સામે જીવનના અન્ય વાદો બિનઅસરકારક સાબિત થા છે. ટહુકાની અસરકારકતા મન-ચિત્ત સુધી પહોંચી છે. કોયલનો ટહુકાવાદ પ્રસન્નતાવાદમાં પરિણમ્યો છે. બહારનો કોઇ વાદ ચિત્તને પ્રસન્ન કરી શકવાને શક્તિમાન નથી એવી એક શ્રદ્ધા દૃઢ છે. મનની પ્રસન્નતા કોયલના ટહુકાવાદનું સ્વાગત કરવામાં સમાયેલી છે. મનને પ્રસન્ન કરી શકે એવા ટહુકા સાંભળવાની આપણી તૈયારી હોવી જોઇએ. ચાલો, ઉનાળાની ગરમીમાં મનને વર્ષાની ઢંડક પહોંચાડીએ.